# -: શયતાન એક – ચેહરા અનેક :-

દાઊદ નબી (અ.સ.) પર નાઝિલ થયેલી કિતાબ ઝબૂરમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે, "એવી કોઇ ચીઝ છે જ નથી અને હશે પણ નહીં મગર સૂરજને નીચે જે કંઇ છે તે નવું નથી." યાઅની કે આ સત્હે ઝમીન પર આદમ ઝાતને દરમિયાન માઝીના ઝમાનામાં જે કઈ ગુઝરી ચુકે છે તે આજે પણ બને છે અને આવનારા ઝમાનામાં પણ તે થાતું રહેશે. દૌર બદલાતા જાય છે, વક્ત અને ઝમાનો ગુઝરી જાય છે પણ દુનિયાના વહેવાર, સમાજના તકાઝા અને રિશ્તા, ઈન્સાનની ફિક્ર, ફિતરત અને ખસલત એ જ રહે છે. ઝમાનાનાં ચક્કર સાથે તે દોબારા આ ઝમીન પર મન્ઝરે આમ પર લોગોની રવિશ અને રિવાજમાં આવી જ જાય છે.

યઝીદ પલીદ (લા.અ.) એ અહલે બૈતે રસૂલે મકબૂલ (સ.અ.વ.વ.) અને પંજતને પાક (અ.સ.) ના ખુલાસા મૌલાના ઈમામ હુસૈન (અ.સ.) ને કત્લ કીધા, ત્રણ દિવસ ભૂખા-પ્યાસા રાખીને હર તરહના ઝુલ્મો સિતમના નિશાના બનાવા, આજે ઝિક્રે હુસૈન અને નિદાએ હુસૈન ઝિન્દહ છે અને યઝીદની કબ્રનું કે તેના નામનું નિશાન નથી. આ તો એક મિસાલ છે મગર તારીખની હકીકતોમાં તફતીશ કરવામાં આવે તો એવા બેશુમાર વાકેઆત મીલી આવશે જેમાં અઈમ્મતે તાહેરીન (અ.સ.) ને ખિલાફ ઝાલિમ, જબ્બાર, નાપાક સિફત, બદ અખ્લાક, શયતાની શિક્લના શખ્સો એ ઈમામત અને દાઅવતના અઝીમ અને પાકીઝા દરજાને સદમો અને નુકસાન પહોંચાવવાની નાકામ કોશિશ કીધી. આજે તે શરપસંદ લઈનોનું નામો નિશાન નથી અને અલ્લાહ જલ્લા શાનોહુ એ તેના જિસ્મોને ફના કરવાને સાથે ઝિક્ર અને તેના હસબ-નસબને પણ ફના કરી દીધો. **મોહંમદ અને આલે મોહંમદ (અલયહિમુસ સલામ) પર માઝીમાં જે મુજબ હમલા થયા તેમ આજે પણ જારી છે.** ફરક એ છે કે તેનો તરીકો બદલાયો છે. ઝમાનાની રફતાર અને ચાલ સાથે તેની કૈફીયતમાં તબ્દીલી થઈ છે.

સલ્માન રૂશ્દી (લા.અ.) એ આજથી તકરીબન ૧૫ સાલ પહેલા કુરઆને કરીમ પર કીચડ ઉછાલું હતું અને વહયે ઈલાહીની હકીકતો અને સચ્ચાઈ પર તાઅનાકશી કરી રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની નુબૂવત પર નઊઝોબિલ્લાહ સવાલ ઉઠાવો હતો. તે મરદૂદ આ શયતાની મકસદ અને ફિત્નામાં નાકામિયાબ થયો અને બદનામ થયો. દુનિયાનાં અહલે ઈસ્લામએ એક સાથે આવાઝ ઉઠાવો. એક મુલ્કના શીઆ સરબરાહે તે મરદૂદના કત્લનો ફત્વો આપો અને તે વાસ્તે ઈન્આમ ઝાહિર કીધું. શયતાન આજે પણ મુખ્તલિફ ચેહરા ઈખ્તિયાર કરીને શર અને બગાવતનું અલમ લઈને હર જગા ફીરી રહ્યો છે. સલ્માન રૂશ્દી (લા.અ.) એક એવો જ ચેહરો છે જે સહીહ સાલિમ આ આલમમાં ભટકી રહ્યો છે. એની આકેબત શર છે, અંજામ બદ છે, આખેરતમાં અઝાબે અલીમમાં પટકાશે. શાને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) માં ગુસ્તાખી કરનાર કાબિલે મઆફી નથી.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, "નબીયુલ્લાહ (સ.અ.વ.વ.) પર તોહમત-ઈલ્ઝામ લગાડનાર, બેઈઝઝતી કરનાર યા ગાલી ગલોચ કરનારથી તૌબા તલબ કરવામાં ન આવે મગર એને કત્લ કરવામાં આવે." મૌલાના અલી (અ.સ.)ને સવાલ થયો કે, યા મૌલા, અગર કોઈ શખ્સ અલ્લાહના નબીની ઐબજોઈ કરે, તાઅનો આપે, હલકી વાત કહે તો એના સાથે શું સુલૂક થઈ શકે ? આપ (અ.સ.) એ ફરમાવું કે, "**એ શખ્સને થોડી પણ મોહલત આપવામાં ન આવે મગર એની સઝા કત્લ છે.**" ઈમામ (અ.સ.) થી એવા શખ્સ મોતઅલ્લિક સવાલ થયો કે જે મૌલાના અલી (અ.સ.) ની શાન અને અઝમતમાં ગુસ્તાખી કરે, ગાલી-ગલોચ કરે. આપ (અ.સ.) એ ફરમાવું કે, એને એક દિન પણ જીવતો મુકવામાં ન આવે અને જે શખ્સ ઈમામે આલે મોહંમદ (અ.સ.) ને બુરૂ બોલે તો એને કત્લ કરી દેવો જોઈએ જેમ નબીયુલ્લાહ (સ.અ.વ.વ.) ને ગાલી દેનારને કત્લ કરવામાં આવે છે. દાઅવતના મરાતિબમાં ગુસ્તાખી કરનાર વાસ્તે અને કોઈ પર બિલા સબબ તોહમત લગાડનાર વાસ્તે કુરઆને હકીમમાં અને હદીસે શરીફમાં સખ્ત ફરમાન આવેલા છે.

આજે પણ આ ફિત્નો જારી છે મગર તેની સૂરત બદલાયેલી છે. બે મહીના પહેલા રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ની મુનાસેબત સાથે ચંદ હૈરતઅંગૈઝ અને હિમાકતભરી તસ્વીરો યુરોપમાં શાયેઅ કરવામાં આવી. આ તૌહીન કુલ ઈસ્લામની તૌહીન છે જેને વાસ્તે તમામ ઈસ્લામી મમાલિકમાં મુઝાહેરા થયા અને આ શયતાની હરકતને કુચલી નાખવામાં આવી અને એવી પુરફહેશ અને ખરાબ હરકતો દોબારહ ન થાય તે વાસ્તે કૌમી સરગરમી અને ઈસ્લામી કુવતની ઝકલ પૈશ કરવામાં આવી. આ પહેલા અહલે યહૂદએ કુરઆનમાં તબ્દીલી વાકેઅ કરીને નકલો છપાવીને દુનિયામાં શાયેઅ કીધી. તેની ચાલબાઝી ઝાહિર થઈ અને તેઓ પોતાના નાપાક મકસદમાં પાર ન ઉતરા. **ગૈર ઇસ્લામી મમાલિક જેઓ આજે સુપર પાવર છે તેઓ એક યા બીજા તરીકાથી ઇસ્લામના ફિરકાઓમાં ઝિયાદહ ઇન્તેશાર, ફાટફૂટ અને ફસાદ ભડકાવવાની હર કોઇ મૌકા પર કોશિશ કરા કરે છે.** આ જુર્અત અને હિમ્મત એ સબબથી છે કે, અહલે ઈસ્લામ અને ઉમ્મતે વહદતે ઈલાહી આજે આપસમાં અંદરો અંદર ઈખ્તેલાફાતમાં પૈવસ્ત હોય દુનિયાના હાથમાં રમી રહ્યા છે. દુનિયાના લોગો તમાશબીન અને તમાશકાર છે જે તમાશામાં અહલે ઈસ્લામની નુમાઈંદગી કરનાર ચંદ દેહશત ગર્દ અને ગરઝપરસ્ત શખ્સો કઠપુતલીની જેમ અહલે ઈસ્લામમાં તિરાડ પાડનારાઓના ઈશારા પર ફક્ત રિયાકારી અને ખોટી અદાકારી કરી રહ્યા છે. જેમ આગલા ઝમાનામાં આ મુજબના તમાશા થયા તેમ આજે પણ એ સિલસિલો ચાલુ છે. આજે ઈત્તેહાદે ઈસ્લામીની ઝરૂરત છે. ઈન્કિલાબની સરગરમી અને દીની-મઝહબી જઝબો દરકાર છે. ઈસ્લામ અમન અને સલામતીનું દીન છે. ઈસ્લામમાં કુવતે ઝહની અને તાકતે જિસ્માની ભરપૂર છે; ફક્ત હાજિત છે તો એક મઝબૂત રાહબરીની અને આલમી રાહનૂમાઈ ની.

**" એક હો જાએઁ તો બન સકતેં હૈં ખુરશૈદે મુબીં,**
**વરના બિખરે હુએ તારોં કી હકીકત ક્યા હૈ. "** ★